

# હા... સાહેબ !

"બા... સાહેબ આવે છે..!!"

"શું વાત કરો છો..?! મેષ રાશિમાં સમાધાન થઈ ગયું..?!"

"કેમ જોયું નહિ..?! ભાજપના આવડા...મોટા... રાષ્ટ્રિય પ્રમુખ આનંદીબેનના ઘેર જઈ બે કલાક બંધ બારણે ચર્ચા કરી અને પાટીદાર આંદોલન ખાળવા તથા ઉમેદવારોની પસંદગીમાં આનંદીબેનનો હાથ ઉપર રહેશે... એવા સંકેતો આપ્યા..!!"

"હં...હં... એ તો અમને ખબર જ હતી... આજે નહિ તો કાલે... થવાનું જ હતું..!! ખોટા-ખોટા વટમાં ને વટમાં બન્ને જુથો બાખડ્યા અને એક-બે વર્ષ નહિ... દાયકા સુધી ધજાગરા ઉડ્યા..! પણ..!"

"પણ 'ઘી ના ઠામમાં ઘી..!' હવે આનંદીબેનનો દબદબો વધશે..! મજબુરી તો કેવી..! ૭૫ વર્ષની વયમર્યાદા એક ઝાટકે કાઢી નાખી રાષ્ટ્રીય પ્રમુખે..!!"

"એટલે..?! હવે આનંદીબેન ચૂંટણી લડશે..?! અને ઘાટલોડિયાથી જ..?!"

"હા... સાહેબ...હા..! ચૂંટણી લડશે અને ડંકાની ચોટ ઉપર જંગી સરસાઈથી જીતશે અને ફરીથી ગુજરાતની ગાદી ઉપર વટભેર બેસશે..!!"

"... તો પાટીદાર આંદોલન શમી જશે..?! તો હાર્દિક આણી મંડળીનું શું થશે..?!"

"હા... અમારો પ્રયત્ન એ દિશામાં છે..! ... અને જુઓ એકાદ અઠવાડિયામાં અણસાર આવી જશે..!"

"ખરા સોગઠા ગોઠવાય છે હોં..! રાજકારણમાં કોણ, ક્યારે કોનો મિત્ર અને કોણ ક્યારે કોનો દુશ્મન... સમજાતુ જ નથી..!! પક્ષો ગમે તે હોય... ડખા તો હોય... હોય ને હોય જ..! કોંગ્રેસ હોય - જન વિકલ્પ હોય... કે આપ હોય..! કાગડા બધે કાળા..!"

"આ સોગઠાબાજીમાં તો તમે જીત્યા..! પણ ચૂંટણી જીતશો..!?!"

"સાહેબ..! આજકાલ ચૂંટણીઓ જીતવી એના કરતાં સોગઠાબાજીમાં જીતવું અઘરૂ હોય છે... અને આ સોશ્યલ એન્જીનીયરીંગ ગોઠવાઈ જાય એટલે પોલીટીકલ એન્જીનીયરીંગમાં તો વાર નથી લાગતી..!! અને હા..! મત તો અમને જ મળવાના છે..! તમારાવાળાને આપશે કોણ..?!

"આવા ફાંકા અમારા લોખંડી મહિલા પ્રધાનમંત્રીને પણ હતા... ને આખા દેશમાંથી સુપડા સાફ થઈ ગયા..!! એટલે ફાંકામાં તો રહેશો જ નહિ..! પ્રજા ક્યારે કયું બાણ મારશે એ તો સમજાતું જ નથી..!!"

"એ તો ઠીક..! આ તો તમારી સુફીયાણી વાતો છે... તમારી પાસે જીતે એવા ઉમેદવારો જ ક્યાં છે..?! અને મુખ્યમંત્રીનો ચહેરો કોણ..?! એ તો બતાવો..!"

"યાદ કરાવુ તમને..! ૯૦-૯૫માંય તમારી પાસે નહોતો... પ્રજા એક વખત નક્કી કરી દે કે કોને મત નથી આપવો..!?! પછી જે થાય તે..! ૯૦માં પ્રજાએ અમને મત નહી આપવાનું નક્કી કર્યું હતું... અને એટલે તમે ફાવી ગયા..!!"

"ખોટી... ખોટી... ખોટી... સાવ ખોટી વાત છે..!! એટલે અત્યાર સુધી તમને હરાવવા માટે અમને જીતાડતા હતા... એમ..!?!"

● અનુસંધાન પાન-૭ પર



પ્રસંશનીય પહેલ - શહેરની એક જાણીતી રેસ્ટોરન્ટે તેની વર્ષગાઠ નિમિત્તે શહેરની દિવ્યાંગ બાળકોની શાળાઓના વિદ્યાર્થીઓને નોતરી પ્રેમપૂર્વક ભોજન પીરસ્યુ હતુ... સ્વાભાવિક ક્રમમાં સારા-નરસા પ્રસંગોએ સેવાભાવી નાગરિકો જેતે શાળામાં જઈ બાળકોને જમવાનો ખર્ચ 'તિથિ ભોજન' કરાવતા હોય છે... પરંતુ બાળકોને પોતાની રેસ્ટોરન્ટમાં બોલાવી બેસાડી અને પ્રેમપૂર્વક જમાડવાનો અભિગમ સાચે જ પ્રસંશનીય બની રહ્યો હતો...

# ૩૦૦થી વધુ બાળકો ધરાવતી શાળામાં કારકુન-પટાવાળાની જગ્યા મંજૂર કરો

## જિલ્લા શિક્ષણ સમિતિની બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી ગીતાબેન પટેલે રજૂ કરેલો પ્રસ્તાવ પસાર થયો હતો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ૩૦૦થી વધુ બાળકો ધરાવતી સરકારી પ્રા. શાળાઓમાં ક્લાર્ક અને પટાવાળાની જગ્યા ઉભી કરી તાત્કાલિક નિમણુંક આપવામાં આવે તેવી માંગણી સાથેની ભલામણ જિલ્લા શિક્ષણ સમિતિએ કરી છે.

તાજેતરમાં જિલ્લા શિક્ષણ સમિતિની બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી આ પ્રસ્તાવ રજુ થયો હતો અને સમિતિએ તેનો સ્વીકાર કરી રાજ્ય સરકારને મોકલી આપવા જણાવ્યુ છે.

જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ બનાવવા પર ભાર મુકતાં આ પ્રસ્તાવમાં જણાવાયુ છે કે આચાર્ય અને શિક્ષકો પર બિન શૈક્ષણિક કાર્યભારણ વધતુ જાય છે ત્યારે આ દિશામાં સકારાત્મક અભિગમ સાથે વિચારણા કરી નિર્ણય કરવો જોઈએ.

કારકુન વહીવટીય કામગીરીમાં મદદરૂપ થઈ શકે તેમજ તે માટે આચાર્યની કામગીરી પણ હળવી બેન તે જરૂરી છે. તે ઉપરાંત રિશેષ જેવા સમયમાં પટાવાળો હોય તો કયુ બાળક બહાર ગયુ, કેમ ગયુ વિગેરેની પણ કાળજી રાખે એટલુ જ નહિ શાળાઓમાં સફાઈની કામગીરી થઈ શકે માટે જરૂરી છે.

રાત્રિના સમયે શાળાઓમાં થતી ચોરી કે અસામાજિક તત્વોની અવર-જવર પણ અટકી જશે.

શિક્ષણ સમિતિએ આ ઉપરાંત શાળાઓના કમ્પાઉન્ડ વોલ સહિતની આગળ પાછળનું ધ્યાન રાખી કવર કરે તેવા સી.સી. ટી.વી. કેમેરા પણ લગાવવામાં આવે તેવી હિમાયત કરી છે.

શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલે કહ્યુ હતુ કે ગુણવત્તાસભર શિક્ષણ માટે આવા પગલાં અનિવાર્ય છે અને સરકારે પક્ષાપક્ષીથી પર ઉઠી આ દિશામાં સકારાત્મક અભિગમ સાથે વિચારણા કરી તાત્કાલિક નિર્ણય લેવો જોઈએ.

જિલ્લામાં ૩૦૦ જેટલી શાળાઓમાં ૩૦૦થી વધુ બાળકો હશે તેવો અંદાજ તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં કહ્યો હતો.

# શહેરમાં બે કરોડના ખર્ચે નવા વોક-વે બનાવાશે

## ફુટપાથના ગાબડા પુરવા માટે સર્વે કરાશે :જાળવણીના અભાવે ફુટપાથની હાલત પણ સેકટરોના આંતરિક માર્ગો સમાન

ગાંધીનગર તા ૩

શહેરમાં માર્ગો જેવી હાલત ફુટપાથની થઈ છે. કેટલાક ઠેકાણે ફુટપાથ પર ગાબડા પડયા છે. વોક વે પર ઘાસ ઉગી નિકળ્યુ છે. ત્યારે ફુટપાથની જાળવણીના કામ માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. તંત્ર દ્વારા આ મામલે સર્વે હાથ ધરી ફુટપાથના રીપેરીંગ કામ માટે દરખાસ્ત કરવામાં આવશે. હાલ શહેરમાં બે ઠેકાણે નવી ફુટપાથ બનાવાશે. જેની પાછળ રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં દોઢ દાયકા પુર્વે ફુટપાથના કામની શરૂઆત કરવામાં આવી હતી. ફુટપાથ નિર્માણની તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં ઘ-૫ થી સરકીટ હાઉસ સુધી ફુટપાથનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ અન્ય ઠેકાણે તબક્કાવાર ફુટપાથનુ નિર્માણ કરાયુ હતુ. ફુટપાથ નિર્માણની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ફુટપાથની જાળવણીના નામે મીંડુ હોવાથી ઘણાં ઠેકાણે વોક વે પર મોટામસ ગાબડા જોવા મળી રહયા છે. વરસાદી દિવસોના અંતે ફુટપાથની સફાઈ પણ થઈ નથી. જેના લીધે નગરના વોક વે પર ઘાસ તેમજ બિનજરૂરી વન્સપતિ ઉભી નિકળી છે. જયારે નગરમાં સે-૩૦ થી જી ઈ બી સુધીના માર્ગ આસપાસ ફુટપાથનુ કામ હાથ ધરાશે. જયારે સે-૧૭-૨૨ પાસે પણ માર્ગ વાઈડનીંગનુ કામ હાથ ધરાયુ છે. જયારે માર્ગ વાઈડનીંગના કામના અંતે માર્ગ આસપાસ ફુટપાથનુ કામ શરૂ કરી દેવાશે. ફુટપાથ નિર્માણની કામગીરી પાછળ રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે આ કામગીરી અન્વયે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવાઈ છે. જયારે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે. બીજીતરફ ફુટપાથની કામગીરી ઉપરાંત શહેરમાં વોક વે ની જાળવણીનુ કામ પણ હાથ ધરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેના માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરી ફુટપાથ રીપેરીંગ માટે પણ આયોજન કરવામાં આવશે.

# જિલ્લાના દહેગામમાં સ્ત્રી જન્મદર ઘટતો જણાયો

## ચૂંટણીપંચના આંકડા અનુસાર જિલ્લાની વસ્તી ૧૬ લાખને પાર કરી ગઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં સ્ત્રી જન્મદર ઓછુ ધરાવતા તાલુકાઓનું ચિત્ર પલ્ટાયુ છે અને દહેગામ તાલુકામાં સ્ત્રી જન્મદર ઘટવા પામ્યો છે જે અગાઉ માણસા તાલુકો હતો.

તાજેતરમાં મતદારયાદીની જાહેરાત વેળાએ ૨૦૧૭ની વસ્તી દર્શાવવા સાથે જેન્ડર રેસિયો કયા તાલુકામાં શું છે તે દર્શાવ્યુ છે જેમાં આ ચોંકાવનારી હકીકત બહાર આવવા પામી છે.

ચૂંટણીપંચના અંદાજ મુજબ ૨૦૧૭માં જિલ્લાની વસ્તી ૧૬,૯૦,૬૮૬ છે. જેમાં પુરૂષોની સંખ્યા ૮,૮૧,૩૨૦ અને સ્ત્રીઓની સંખ્યા ૮,૦૯,૩૬૬ છે.

આ જ આંકડાઓમાં આગળ જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૧માં દહેગામમાં સ્ત્રી જન્મદર ૯૬૩ હતો તે ઘટીને ૯૫૩ થયો છે. તો ગાંધીનગર(દ)માં ૯૨૬ હતો તે વધીને ૯૪૭ થયો છે. ગાંધીનગર(ઉ)માં ૯૧૪ હતો તે વધીને ૯૩૯ થયો છે. માણસામાં ૯૦૩ હતો તે વધીને ૯૩૬ થયો છે અને કલોલમાં ૮૮૮ હતો તે વધીને ૯૩૭ થયો છે.

જિલ્લામાં આરોગ્ય તંત્રએ પણ હમણાં એ વાત સ્વીકારી છે કે સ્ત્રી જન્મદરના પ્રમાણમાં વધારો થયો છે. જો કે હવે તંત્ર માટે ચિંતાનો વિષય દહેગામ તાલુકો બન્યો છે. દહેગામ વિસ્તાર એ ગ્રામીણ વિસ્તારનો બનેલો છે અને અહિ નાના-નાના પરાઓ અને મુવાડા આવેલા છે. અહિ આરોગ્યની સેવાઓનો વ્યાપ વધે તેના પર પણ ભાર મુકવામાં આવે તે જરૂરી છે તેમ સ્થાનિક આગેવાનોનુ માનવુ છે.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જારી કરાયેલ આ

● અનુસંધાન પાન-૭ પર

# બાસણમાં ચેહર તેમજ અંબાજી મંદિરના સંરક્ષણ માટે પોણા કરોડના ખર્ચે વોલ બનશે

## પાલજમાં પણ મોટુ નાળુ બનાવાશે : બન્ને કામો પાછળ ૧.૨૦ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૨

ગાંધીનગર નજીકના ગામોમાં કોતર વિસ્તાર નજીક સ્થિત ધાર્મિક સ્થાનોના સંરક્ષણ માટે તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે દિવાલ બનાવાનુ આયોજન કરવામાં આવી રહયુ છે. જે અન્વયે બાસણ ગામમાં ચહેર માતા તેમજ અબાંજી માતાના મંદિરના રક્ષણ માટે રૂ ૭૫ લાખના ખર્ચે દિવાલનુ નિર્માણ કરાશે. ટુંકમાં કામ હાથ ધરાશે.

જિલ્લામાં ભારે વરસાદના સંજોગોમાં શહેરી વિસ્તારના ગામોમાં કોતર પાસે સ્થિત ધાર્મિક સ્થાનોનુ ધોવાણ અટકાવવા માટે તંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર



આશા વર્કરોનું આંદોલન - આશાવર્કરોનું આંદોલન આજકાલ ઉગ્ર બનતું જાય છે... પગાર વધારાની માંગ અને કામના શોષણ સામે અવાજ ઉઠાવતી આશા વર્કરોનું આંદોલન વકરતું જાય છે... છેલ્લા છએક મહિનાથી આંદોલન કરી રહેલી આશાવર્કરોની ધીરજ હવે ખુટતી જાય છે... ચૂંટણી જાહેર થવાને આડે હવે માત્ર ગણતરીના દિવસો બાકી છે ત્યારે સત્યાગ્રહ છાવણીમાં આંદોલનકારોનો ક્રમ વધતો જાય છે... અલગ અલગ વર્ગો, અલગ અલગ દિવસે ધરણાના કાર્યક્રમો યોજે છે... મંગળવારે કોમ્પ્યુટર ઓપરેટરોના આંદોલનની સાથો સાથ આશાવર્કરો પણ ધરણા પર બેઠી હતી... સેક્ટર-૬ની સત્યાગ્રહ છાવણી હવે એક અઠવાડીયા સુધી આંદોલનકારોથી ઉભરાતી રહેશે... સામાન્ય અને અતિસામાન્ય વર્ગમાંથી નોકરી માટે કાર્યરત આશાવર્કરોની વ્યાજબી માંગણી સંતોષવામાં સરકારમાં થતો વિલંબ અન્યાયી છે... સત્વરે આશાવર્કરોની માંગણી સ્વીકારાય તો સરકારનો હૃદયસ્પર્શી નિર્ણય હશે.

# સેકટરોમાં બે મહીનામાં માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ થશે

## સેકટર - ૨ માં માર્ગ સુધારણાનુ કામ શરૂ : અન્ય સેકટરોમાં પણ પેચવર્કની કામગીરી હાથ ધરાઇ

ગાંધીનગર તા ૩

ગાંધીનગર શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના સે-૧ થી ૩૦ માં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે. હાલ સે-૨ માં માર્ગ નવિનીકરણનુ કામ ચાલી રહયુ છે. જયારે અન્ય સેકટરોમાં પેચવર્ક કરવામાં આવી રહયુ છે. શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી પાછળ રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આગામી બે મહીનામાં માર્ગ સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાશે.

શહેરમાં છેલ્લા બે વર્ષથી સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ હાલતમાં છે. નિયત સમય વિતી ગયા બાદ પણ માર્ગોની સુધારણાની કામગીરી હાથ ધરવામાં વિલંબ થતા ચોમાસાના અંતે માર્ગો પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો પર માર્ગ સલામતી પણ જોખમાઈ છે. બીજીતરફ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા આયોજન કરી દેવાયુ છે. જયારે હાલ સે-૨ માં માર્ગ સુધારણાની કામગીરી ચાલુ કરી દેવાઈ છે. સેકટરોના આંતરિક માર્ગોની હાલત એટલી હદે ખરાબ છે કે સેકટરોના

● અનુસંધાન પાન-૭ પર

## સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની પંચમી માસિક પુણ્યતિથિએ

# શ્રદ્ધાંજલિ



**શૈલાબેન આર. પટેલ**

એક પંખી આવીને ઉડી ગયું.
જીવન પ્રભાતે જન્મ થયો, સાંજ પડી ઉડી ગયું.
સગા-સંબંધી માયા મૂકી સૌની મૂકી અલગ થયું.
એકલવાયુ આતમ પંખી સાથે ના કંઈ લઈ ગયું.
જગતની આંખે જોતી રહીને પાંખ વિના ઉડી ગયું.
ધર્મ, પુણ્યની લક્ષ્મી ગાંઠે સત્તરમાનો સથવારો,
ભવસાગર તરવાની વાતે અન્ય નથી કોઈ આરો.
જતાં જતાં આ આત્મા સાચો અર્થ સમજાવી ગયું.
આ પુણ્ય આત્માને પ્રભુ ચરણોમાં સ્થાન મળે એવી
અંતઃકરણથી પ્રભુ પ્રાર્થના - શ્રદ્ધાંજલી

**રમેશભાઈ ભલાભાઈ પટેલ**
**ભાવનાબેન રમેશભાઈ પટેલ**
**આકાશ રમેશભાઈ પટેલ**
**ઉમંગ રમેશભાઈ પટેલ**
હાલ - ગાંધીનગર (કુહાવાળા)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com